## ખમ્મા મારા નંદજીના લાલ

(ફિલ્મઃ જય રણછોડ)

ખમ્મા મારા નંદજીના લાલ મોરલી કયાં રે વગાડી.
હું રે સુતી’તી મારા શયન ભવનમાં (૨)
સાંભળ્યો મેં મોરલીનો નાદ, મોરલી કયાં રે વગાડી.
ભંવરજી તમો કીયા ભવના વેરી થયા (૨)
અંતરને ઓરડે સામા સામી નેણ લાગ્યા,
ત્યાં તો આવ્યા ને ગયા - ભંવરજી તમે...(૨)
વગડો વીંધીને કોર્યાં પહ્ાડ, વચમાં આડા આભ કમાડ.
નિત નિત દેખવું ને નિત નિત દાઝવું
છતી જીભે અબોલા રીયા - ભંવરજી તમે...(૨)
પાણીડાને મશે જીવણ જોવાને હ્ાલી - પાણીડાને...
દીઠા મેં નંદજીના લાલ, મોરલી કયાં રે વગાડી.
ખમ્મા (૨) મારા નંદજીના લાલ...
સેજનું સોણલું નોંખુ હ્તું, ને સામે આવ્યું કોઈ નોંખું હ્તું,
દલડો ઘેરો દાવાનળ સળગે, આંખનાં આંસુ શેં રોકું,
ઘણુંયે મથુ છું મનને મનાવવા,
પણ લાગ્યા ન લાગે જીયા - ભંવરજી તમે...(૨)
ખમ્મા મારા નંદજીના લાલ મોરલી (૨)
ભર રે નિંદરમાંથી ઝબકીને જાગી - ભર રે...
ભૂલી ગઇ હું તો સાન ભાન, મોરલી કયાં રે વગાડી.

-------